ગુણો વડે શોભી રહી અનેકોને પ્રેરણાનાં પીયૂષ પાતી રહી. અપ્રમત્તતાનો પૂજ્યશ્રીનો ગુણ ઊડીને આંખે વળગે તેવો છે. તત્ત્વજ્ઞાન વડે અધ્યાત્મના અગાધ સમુદ્રમાં ડૂબકી મારી, તેમાં જ મસ્ત રહી જીવનારા એક અલગારી ધર્મપુરુષનો સત્સંગ કરવા જેવો છે. ઇતિહાસનું વાચન અને લેખન, નાનાવિધ છંદોમાં સંસ્કૃત શ્લોકોનું સર્જન; જિનમૂર્તિઓ તથા પ્રાચીન શિલાલેખોનું આકલન આદિ તેમના પ્રિય વિષયો રહ્યા છે. સમતારસનું અનેક જીવોને પાન કરાવનારા આ શાસનપ્રભાવક સૂરિદેવ સૌના વંદનાના અધિકારી છે. કહેવાય છે કે :

साधूनां दर्शनं पुण्य तीर्थभूता हि साधवः ।
तीर्थं फलितं कालेन – सद्यः साधुसमागमः ॥

અર્થાત્, તીર્થ તો અવસરે ફળે, પણ સાધુસમાગમ તો તુર્ત જ ફળ આપે છે. પાંચ મહાવ્રતોનું ચુસ્તપણે પાલન કરનારા આ સાધુઓ ખરેખર તીર્થ સમાન છે. એવા એ સૂરિવરને સં. ૨૦૪૫ના મહા સુદ પાંચમને શુભ દિને પૂ. આ. શ્રી હિમાંશુસૂરિજી મહારાજના વરદ હસ્તે વાવ મુકામે આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. તેઓશ્રી દ્વારા સમયે સમયે શાસનનાં અનેક મંગલ કાર્યો થતાં રહ્યાં છે. વ્યાખ્યાનો, તપસ્વીઓનું બહુમાન, યાત્રાસંઘો, સ્વામીવાત્સલ્ય, ઉપધાન, ઉજમણાં, દીક્ષાપ્રસંગો આદિ તેઓશ્રીની નિશ્રામાં સતત ચાલુ જ હોય છે. પોતાની જન્મભૂમિ અને ગુજરાતમાં ઠેર ઠેર વિહાર કરીને સદ્બોધની સરિતા વહાવી છે. જૈનસાહિત્ય અને જૈન જ્ઞાનભંડારોને સમૃદ્ધ કરવામાં, એવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવામાં તેઓશ્રીનો અનન્ય ફાળો છે. સંઘવત્સલતા અને સાધર્મિક ભક્તિ માટેની ભાવના તેઓશ્રીના વ્યક્તિત્વમાં નીખરી આવે છે. ખરેખર, આવી વિભૂતિઓ જિનશાસનનું ગૌરવ છે. કોટિશઃ વંદન હજો એવી વિભૂતિને !

## શ્રુતભક્તિના મહાન પુરસ્કર્તા; ભક્તિમાર્ગના અનન્ય આરાધક;

# પૂ. આચાર્યશ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ

સાધુજીવનની સમાચારીના પાલનમાં સદાય સજાગ અને સમયબદ્ધ રહેનારા પૂ. આચાર્યદેવશ્રી યશોવિજયસૂરિજી મહારાજનું ત્યાગી જીવન અનેક ગુણોથી મહેકી રહ્યું છે. પૂજ્યપાદ બાપજી મહારાજના સમુદાયમાં ઉચ્ચતમ પદે બિરાજમાન પૂ. સૂરિવર્ય ખરે જ વાત્સલ્ય અને પ્રસન્નતાની મૂર્તિ છે! મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના જ્ઞાનસારસૂત્રની **'समशील मनो यस्य स मध्यस्थो महामुनि'** પંક્તિની જીવંત કૃતિ અને 'ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું.' એ પંક્તિમાં આનંદઘનજી મહારાજાએ વીંધેલી-ચીંધેલી ચિત્તપ્રસન્નતાની ઝળહળતી ઝાંખી કરાવતું વ્યક્તિત્વ એટલે પૂ. આચાર્યશ્રી યશોવિજયસૂરિજી મહારાજ.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીનો જન્મ સં. ૨૦૦૨ના મહા વદ ૧૩ને શુક્રવાર તા. ૧–૩–૧૯૪૬માં ઝીંઝુવાડામાં એક સંસ્કારી અને ધર્મનિષ્ઠ પરિવારમાં થયો હતો. બાળપણથી પૂર્ણિમાના ચંદ્ર જેવું પ્રસન્ન મુખકમળ અનેક જીવોના આકર્ષણનું કેન્દ્ર હતું. પિતા જયંતિલાલે અને માતા કંચનબહેને બાળકનો ઉછેર પણ પૂરતા વાત્સલ્યભાવથી કર્યો. સમય જતાં તેઓ શ્રુતભક્તિના મહાન પુરસ્કર્તા બન્યા. પૂજ્યશ્રીનું સંસારી નામ યશવંતભાઈ. બાળપણથી જ યશવંતભાઈનાં ધર્મપ્રીતિ, તપ–જપની આરાધના, અને જ્ઞાનધ્યાનમાં રસ વધતા જ રહ્યા. એવામાં ગુરુદેવશ્રી આચાર્યભગવંત શ્રી ૐકારસૂરિજી મહારાજની કૃપાદૃષ્ટિએ યશવંતભાઈની ધર્મજ્યોત પ્રજ્વલિત કરી અને સં. ૨૦૧૩ના મહા સુદ ૧૦ના દિવસે ઝીંઝુવાડામાં દીક્ષા લઈ પૂ. આ. શ્રી ૐકાર-સૂરિજી મહારાજના વિનેય શિષ્ય યશોવિજયજી નામે જાહેર થયા. આગળ જતાં, પૂ. આ. શ્રી ૐકારસૂરિજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૪૨માં જૂના ડીસા મુકામે પંન્યાસપદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. સં. ૨૦૪૫ના મહા સુદ પાંચમને દિવસે બનાસકાંઠા જિલ્લાના વાવ ગામે પૂ. આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આચાર્યપદવીથી અલંકૃત કરવામાં આવ્યા.

પ્રખર પ્રતિભાના ધારક, શાસનપ્રભાવક અને સૌજન્યશીલ વ્યક્તિત્વ ધરાવતા આ મહાપુરુષ સાચે જ નાનાવિધ શાસનકાર્યોથી સંયમજીવનની સુવાસ પ્રસરાવી રહ્યા છે. પૂજ્યશ્રીનો અલ્પ પરિચય પણ આપણને પ્રસન્ન વદન, સમતાપૂર્ણ હૃદય અને નેહ નીતરતાં નયનોની ત્રિવેણીમાં સ્નાન કરતાં હોઈએ એવો અનુભવ કરાવી જાય છે. પૂ. ગુરુદેવશ્રીના ઉપશમભાવ અને સદાયનું સંગાથી મુક્ત હાસ્ય પૂજ્યશ્રીને તેઓના સાચા ઉત્તરાધિકારી જાણે ન હોય તેની પ્રતીતિ કરાવી જાય છે. ત્રણ દાયકાથી પણ વધુ સમય સુધી સતત વહી રહેલી ગુરુકૃપાના પૂજ્યશ્રી અનુપમ વાહક છે. ભક્તિયોગ એમનો પ્રિયમાં પ્રિય યોગ છે. પ્રભુ પ્રત્યે પાંગરતી પૂજ્યશ્રીની ભક્તિધારામાં આપણે સહજપણે પરિપ્લાવિત થઈ ઊઠીએ છીએ. વિહારયાત્રામાં પણ સતત ચિંતન–મનન–સંકલન–લેખન આદિ ચાલતાં જ હોય. યાત્રામાં વિહરતાં તેઓશ્રીનું દર્શન નયનરમ્ય હોય છે. સ્વ માટે **वज्रादपि कठोराणि** અને પર માટે **मृदुनि कुसुमादपि** વ્યક્તિત્વને વરેલા છે.

પૂજ્યશ્રીનાં પાવન પગલે તેઓશ્રીના પિતાશ્રી મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મહારાજ સુંદર સંયમસાધના કરી રહ્યા છે. તથા લઘુબંધુ વિદ્દદ્દવર્ય મુનિરાજ શ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ સંશોધનક્ષેત્રે હરણફાળ ભરી રહ્યા છે. માતુશ્રી સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી મહારાજ તરીકે વિચરી રહ્યા છે. તથા લઘુબંધુ રાજેન્દ્ર મુનિરાજ શ્રી રાજેશવિજયજી તરીકે સુંદર સંયમસાધના કરી રહ્યા છે. આમ, પોતાના કુટુંબીજનો અને અન્ય અનેક પવિત્ર આત્માઓને પૂજ્યશ્રીએ સંયમમાર્ગ પ્રબોધ્યો છે. વર્તમાન જિનશાસનના સિતારા સમા આ આચાર્યદેવ શાસ્ત્રોના ગૂઢ અભ્યાસી છે. ઉચ્ચ કોટિના અધ્યાત્મચિંતક છે. આનંદઘન આત્માના એકનિષ્ઠ આરાધક છે. અગણિત અનુષ્ઠાનોના ઉપાસક છે. આવા મહાસમર્થ ધર્માત્માના વરદ હસ્તે શાસનનાં માંગલિક કાર્યો દીર્ઘ કાળ પર્યંત થતાં રહો એ જ હાર્દિક અભ્યર્થના સાથે પૂજ્યશ્રીને શતશઃ વંદના !

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org